RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 270* Date: 27.07.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાને ૬૭મી વાર મન-કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધ્યા

# દેશમાં કોરોનાનો ખતરો ટળ્યો નથી, વધુ સતર્કતાની જરૂર: મોદીની ચેતવણી

## માસ્ક પહેરવું, બે ગજનું અંતર, કોઈ જગ્યાએ થૂંકવું નહીં આજ આપણા હથિયાર છે, જે કોરોનાથી આપણને બચાવશે:મોદી



*ન્યુ દિલ્હી,તા.૨૬*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના દર મહિનાના કાર્યક્રમ મન કી બાતના ૬૭માં સંબોધનમાં દેશવાસીઓ સાથે કોરોના વાયરસના વધી રહેલા ખતરા વિશે સાવચેત રહેવાની સાથે સાથે તાકીદ પણ કરી હતી કે કોરોનાનો ખતરો ભારતમાં હજુ ટળ્યો નથી. અનેક સ્થળો પર તે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેઓએ કહ્યું કે, આપણે કોરોના સંક્રમણને લઈ તમામ તકેદારી રાખવી પડશે. તેમણે માસ્ક નહીં પહેરતા કે પહેરવાનું ટાળતાં લોકો માટે એમ કહ્યું કે માસ્ક પહેરવામાં મુશ્કેલી પડતી હોય તો પીપીઈ કીટ પહેરીને સેવા કરનારા કોરોના વોરિયર્સને યાદ કરવા જોઈએ કે જેઓ કીટ પહેરીને કઈ રીતે ખડે પગે સેવાનું –માનવતાનું કામ કરી રહ્યાં છે. પીએમ મોદીએ આ દરમિયાન દેશવાસીઓની સરાહના કરતા એમ પણ કહ્યું કે જાગૃત લોકોના, પ્રયાસથી દેશમાં કોરોનાનો રિકવરી રેટ અન્ય દેશોથી સારો રહ્યો છે. દેશમાં કોરોનાનો મૃત્યુ દર પણ ઘણો ઓછો છે.

તેમણે દર મહિનાના છેલ્લાં રવિવારે દેશવાસીઓ સમક્ષ રજૂ થતાં મન કી બાત કાર્યક્રમને આગળ ધપાવતાં આજે ૬૭મી વખત રેડિયોના માધ્યમથી સંબોધન કર્યું ત્યારે આજે ઉજવાઇ રહેલા કારગીલ વિજય દિવસને યાદ કરીને શહિદ જવાનોને ભાવભીની શ્રધ્ધાજંલિ પણ આપી હતી.

તેમણે કારગિલ યુદ્ધના ૨૧ વર્ષ પુરા થવા અંગે આ યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોને યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી આ દરમિયાન વડાપ્રધાને કહ્યું કે, આજે કારગિલ વિજય દિવસ છે. પાકિસ્તાને ભારત સાથે દગો કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ જીત ભારતના સૈનિકોના જુસ્સાની થઈ હતી. વડાપ્રધાને કહ્યું કે,એ દિવસ સૌથી અનમોલ ક્ષણોમાંથી એક છે. સોશિયલ મીડિયા પર પણ લોકો પોતાના વીરોને નમન કરી રહ્યા છે. હું તમામ દેશવાસીઓ તરફથી એ વીર માતાઓને નમન કરું છું, જેમણે આવા વીરનો જન્મ આપ્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, કારગિલ યુદ્ધ વખતે વાજપેયીજીએ લાલ કિલ્લાથી ગાંધીજીના મંત્રને યાદ કર્યો હતો. જો કોઈને દુવિધા હોય કે તમારે શું કરવાનું છે તો તેને ભારત અસહાય ગરીબ વ્યક્તિ વિશે વિચારવું જોઈએ. કારગિલે આપણને બીજો મંત્ર આપ્યો છે. આપણે વિચારવાનું છેને કે આપમા આ પગલા એ સૈનિકને અનુકુળ છે, જેને પહાડો પર પોતાના પ્રાણની આહુતિ આપી હતી. આપણે જે વિચારીએ અને કરીએ છીએ, તેનાથી સૈનિકોના મન પર ઊંડી અસર થાય છે. આપણે જે કરીએ છીએ તેનાથી સૈનિકોનું મનોબળ વધવું જોઈએ.ક્યારેક ક્યારેક આપણે સોશિયલ મીડિયા પર એવી વસ્તુઓ ફોરવર્ડ કરીએ છીએ, જેનાથી દેશનું મનોબળ ભાંગી પડે છે. આજકાલ યુદ્ધ માત્ર મેદાનમાં જ નથી લડાતું.

વડાપ્રધાને એમ પણ કહ્યું કે, દેશમાં રિકવરી રે'ટ અન્ય દેશો કરતાં સારો છે અને કોરોનાનો મૃત્યુદર પણ અન્ય દેશ કરતાં સારો રહ્યો છે. દેશે એકસાથે મળીને લડત આપી છે. પણ તેનો ખતરો ટળ્યો નથી. અનેક જગ્યાઓએ તે ઝડપથી ફેલાઈ રહ્યો છે. કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે અને હજુ પણ ઘાતક છે. સાવધાની રાખવી. દો ગજ કી દૂરી, સતત હાથ ધોવા, થૂંકવું નહીં, સાફ સફાઈ રાખવી, માસ્ક પરહેવું વગેરે કોરોનાથી બચાવે છે. માસ્ક ઉતારવાનું મન થાય તો આવું ન કરો. કોરોના વોરિયર્સ અને આપણી વચ્ચે ન રહેલા લોકોને યાદ કરો. તેઓ કઈ રીતે જીવે છે.તે તમારી સાવધાની માટે છે. અસુવિધા ન રાખો અને ન કોઈને રાખવા દો. અભ્યાસ, નોકરી વગેરેમાં ગતિ લાવો અને તેને પણ નવી ઉંચાઈએ લઈ જાઓ. દેશમાં નવી ગતિ અને દિશા આવી છે. આપ સૌને માસ્ક પહેરવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો અનુભવ થઈ રહ્યો હોય તો આપણે તે ડૉક્ટર, તે નર્સોને યાદ કરવા જોઈએ જે માસ્ક પહેરીને કલાકો સુધી સતત આપણા સૌના જીવનને બચાવવામાં પ્રયત્નશીલ રહે છે.

થોડા દિવસો પછી રક્ષાબંધન આવી રહી છે. ઘણી સંસ્થાઓ આ વખત અલગ રીતે ઉજવણી કરવાના અભિયાન ચલાવી રહી છે. લોકલથી વોકલની વાત પણ કરવામાં આવી રહી છે. આવું કરવું જ યોગ્ય રહેશે. નેશનલ હેન્ડીક્રાફ્ટ દિવસ પણ આવી રહ્યો છે. આપણે આનો વધારેમાં વધારે ઉપયોગ કરીએ અને દુનિયાને પણ જણાવીએ. આનાથી આપણા લોકલ કારીગરોને લાભ થશે.

### I&B મિનિસ્ટ્રીએ ગૃહમંત્રાલયને કરી ભલામણ

## અનલૉક-૩ની તૈયારીઓ: થિયેટર ખૂલવાની સંભાવના,મેટ્રો-સ્કૂલ પર પ્રતિબંધ રહેશે

*ન્યુ દિલ્હી,તા.૨૬*

અનલૉક-૩ માટે એસઓપી બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મહત્વનું છે કે ૩૧ જુલાઈએ અનલૉક ૨વ પૂરુ થઈ રહ્યું છે. સૂત્રો પ્રમાણે અનલૉક-૩મા સોશિયલ ડિસ્ટેન્સિંગ સાથે સિનેમા હોલ ખોલવામાં આવી શકે છે. સૂચના પ્રસારણ મંત્રાલયે આ સંબંધમાં ગૃહ મંત્રાલયને એક પ્રસ્તાવ મોકલ્યો છે. જેમાં એક ઓગસ્ટથી સિનેમા હોલ ખોલવાની વાત કરવામાં આવી છે. આ પહેલાં સૂચના પ્રસારણ મંત્રાલય અને સિનેમા હોલ માલિકો વચ્ચે ઘણા રાઉન્ડની બેઠક યોજાઇ હતી. ત્યારબાદ સિનેમા હોલ માલિક ૫૦ ટકા દર્શકોની સાથે થિએટર શરૂ કરવા તૈયાર થયા હતા. પરંતુ મંત્રાલય ઈચ્છે છે કે શરૂઆતમાં ૨૫ ટકા સીટોની સાથે સિનેમા હોલ ખોલવામાં આવે અને ત્યાં નિયમોનું કડક પાલન થાય.

એટલું જ નહીં અનલૉક-૩મા સિનેમા હોલની સાથે જીમ પણ ખોલવામાં આવી શકે છે. સૂત્રો પ્રમાણે હજુ શાળા અને મેટ્રો ખોલવા પર વિચાર કરવામાં આવ્યો નથી. તો રાજ્યો માટે પણ અનલૉક-૩મા વધુ છૂટ આપવામાં આવી શકે છે.

કોરોનાના વધતા સંક્રમણને રોકવા માટે માર્ચ મહિનામાં દેશભરમાં લૉકડાઉન લાગૂ કરવામાં આવ્યું હતું. જે મે મહિના સુધી ચાલ્યું હતું. જૂન મહિનામાં અનલોક એક હેઠળ કોરોના સંકટને કારણે લગાવવામાં આવેલા લૉકડાઉનમાં ઢીલ આપવામાં આવી હતી. જેમાં આર્થિક પ્રતિબંધોને ખોલવામાં આવ્યા હતા. ત્યારબાદ એક જુલાઈથી અનલૉક-૨ શરૂ થયું હતું જે ૩૧ જુલાઈએ સમાપ્ત થવાનું છે.

આ પહેલા અનલૉક-૩ને લઈને ચર્ચા ચાલી રહી છે. આ પહેલા માનવામાં આવી રહ્યું હતું કે આ વખતે શાળા-કોલેજ ખોલવા પર વિચાર કરવામાં આવી શકે છે પરંતુ છેલ્લા ઘણા દિવસોમાં જે રીતે દેશમાં કોરોનાના કેસ વધ્યા છે, તેને લઈને સરકાર પણ ચિંતામાં છે. તેથી હાલ શાળા-કોલેજ પર પ્રતિબંધ યથાવત રહી શકે છે.

### દેશમાં કોરોનાના કુલ કેસ ૧૪ લાખની નજીક,અત્યાર સુધી ૧.૬૨ કરોડના સેમ્પલ ટેસ્ટ થયા

## કોરોના વિસ્ફોટ: ૨૪ કલાકમાં પ્રથમ વાર ૫૦ હજારથી વધુ કેસ

### વધુ ૭૦૩ના મોત સાથે મૃત્યુઆંક ૩૨ હજારને પાર, ૨૪ કલાકમાં રેકોર્ડ ૩૬,૩૨૭ દર્દી સાજા પણ થયા

*ન્યુ દિલ્હી,તા.૨૬*

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ અનલોક-૨ના ૨૫મા દિવસે ૪૮ હજાર કરતાં વધુ કેસો સામે આવ્યાં છે. કોરોનાના કેસોએ હવે ૪૫ હજારની પીક પકડી લીધી હોય તેવું લાગે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૦,૦૭૨ પોઝિટિવ કેસો નોંધાયા છે. તે સાથે હવે દેશમાં સંક્રમિતોની સંખ્યા હવે ૧૪ લાખ નજીક પહોંચી ગઈ છે વધુ ૭૦૩ના મોત થતાં મૃતકોની સંખ્યા ૩૨ હજારને પાર થઇ ગઈ છે. અનલોક-૨ બાદ હવે ૧ ઓગસ્ટથી સંભવતઃ અનલોક-૩નો અમલ શરૂ થાય તો તેમાં વધુ છૂટછાટ અપાશે. જેમાં જાહેર સ્થળોએ લોકોનું હળવામળવાનું થતાં સંક્રમણ વધવાની પણ શકયતા નકારી શકાય તેમ નથી. જો કે શાળા-કોલેજો ખોલવા અંગે અંગે અનલોક-૩માં કોઇ નિર્ણય લેવાની શક્યતા નથી. કદાજ સિનેમાગૃહો વગેરે. અંગે નિર્ણય લેવાની સંભાવના છે. અનલોક-૨માં કેસો વધતાં અંદાજે એક ડઝન રાજયોમાં વીકએન્ડ લોકડાઉન લાદવાની ફરજ પડી છે. જેથી રજાઓમાં લોકોનું એકબીજાનું હળવા-મળવાનું એટલા પ્રમાણમાં ઓછુ થાય તો સંક્રમણ પણ એટલુ ઘટી શકે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે શનિવારના કેસોના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જે અનુસાર, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૩,૮૫,૫૨૨ પર પહોંચી છે અને ૩૨,૦૬૩ લોકોના મોત થયા છે. ૮,૮૫,૫૭૭ લોકો સાજા થઈ ગયા છે અને ૪,૬૭,૮૮૨ સક્રિય કેસ છે. જે રીતે કેસો વધી રહ્યાં છે તે જોતાં ગણતરીના કલાકોમાં કેસો વધીને ૧૪ લાખનની ઉપર પહોંચી જાય તેમ છે.

એક માહિતી પ્રમાણે, કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારત કરતાં વધારે મામલા અમેરિકા અને બ્રાઝીલમાં છે. દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. મહારાષ્ટ્રમાં કુલ ૩,૬૬,૩૬૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ તમિલનાડુમાં ૨,૦૬,૭૩૭, દિલ્હીમાં ૧,૨૯,૫૩૧, કર્ણાટકમાં ૯૦,૯૪૨ આંધ્રપ્રદેશમાં ૮૮,૬૭૧, ઉત્તરપ્રદેશમાં ૬૩,૭૪૨, ગુજરાતમાં ૫૪,૬૨૬, તેલંગાણામાં ૫૨,૪૬૬, પશ્ચિમ બંગાળમાં ૫૬,૩૭૭, રાજસ્થાનમાં ૩૫,૨૯૮ કેસ નોંધાયા છે.

ગઈકાલે શનિવારે સૌથી વધુ જયારે ૩૬ હજાર ૩૨૭ને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. આ એક દિવસમાં સાજા થનારા દર્દીઓની આ સૌથી મોટી સંખ્યા છે. આ પહેલા ૨૩ જુલાઈએ ૩૩ હજાર ૩૨૬ લોકો સાજા થયા હતા. અત્યાર સુધી દેશમાં કુલ ૮ લાખ ૮૬ હજારથી વધુ દર્દી સાજા થયા છે. છેલ્લા એક સપ્તાહમાં ૩ લાખ ૭ હજાર ૬૨૨ નવા કેસ આવ્યા, પરંતુ આ દરમિયાન ૨ લાખ ૮ હજાર ૬૬૫ દર્દી સાજા પણ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સંક્રમણના ૯૨૫૧ નવા કેસ સામે આવ્યા છે. ત્યારપછી પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૩ લાખ ૬૬ હજાર ૩૬૮ થઈ ગઈ છે. જેમાંથી ૧ લાખ ૪૫ હજાર ૪૮૧ એક્ટિવ કેસ છે અને સારવાર પછી ૨ લાખ ૭ હજાર ૧૯૪ લોકો અત્યાર સુધી રિકવર થઈ ચુક્યા છે. શનિવારે ૨૫૭ લોકોના મોત થયા છે.

### સરહદ પર આવેલ કેસોંગ શહેરમાં લોકડાઉન લગાવી દેવાયું

## ઉત્તર કોરિયામાં સાત મહિના પછી પ્રથમ શંકાસ્પદ કેસ: કટોકટી જાહેર

*પ્યોંગયોંગ,તા.૨૬*

ઉત્તર કોરિયામાં કોરોના વાયરસથી સંક્રમિત પ્રથમ દર્દી મળી આવ્યો છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ ફાટી નીકળ્યો હોવા છતાં ઉત્તર કોરિયામાં આ ચેપ ફેલાયો ન હતો. અહીં એક પણ કોરોના દર્દી નહોતો. રવિવારે દક્ષિણથી પરત આવેલા ભાગેડુમાં કોરોનાના લક્ષણો મળી આવ્યા છે.

સાઉથ કોરિયા ગયેલ આ ભાગેડુ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. આ પછી ઉત્તર કોરિયામાં ખળભળાટ મચી ગયો હતો. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને કોરોનાના પ્રસારને રોકવા માટે કટોકટીની ઘોષણા કરી છે. વધુમાં સરહદ પર આવેલ કેસોંગ શહેરમાં લોકડાઉન લગાવી દેવાયું છે.

ઉત્તર કોરિયાની સરકાર હવે તાબડતોડ ફેંસલા લઇ રહી છે. આ વ્યક્તિના સંપર્કમાં આવેલ લોકોને ઓળખવાની કામગીરી ચાલુ કરાઈ છે તેમજ તેમને ક્વોરેન્ટાઇન કરવામાં આવી રહયા છે. જો પૃષ્ટિ થશે તો ઉત્તર કોરિયામાં પહેલો સત્તાવાર કોરોના વાયરસનો કેસ હશે. અત્રે નોંધનીય છે કે ચીનમાં કોરોના ફેલાયો હોવાની વિગતો સામે આવતા કિમે બધી સરહદો સીલ કરી દીધી હતી. આ ઉપરાંત હજારો લોકો આઇસોલેશનમાં ચાલ્યા ગયા હતા. પાટનગર પ્યોંગયાંગમાં કાર્યરત તમામ અધિકારીઓ માટે એક મહિનાનું ક્વોરેન્ટાઇન પણ જરૂરી બનાવવામાં આવ્યું હતું.

ઉત્તર કોરિયા એ વિશ્વના કેટલાક એવા દેશોમાંનો એક છે જેને રોગચાળાને રોકવા માટે જરૂરી પ્રાથમિક પગલા ભર્યા હતા. દેશની અર્થવ્યવસ્થા ચીન સાથે થનારા બિઝનેસ પર ચાલે છે તેમ છતાં કોરોના જોખમને કારણે ચીન સાથે સંપૂર્ણ વેપાર રીતે બંધ કરી દીધો હતો. જેને કારણે દેશની આવકને મોટો ફટકો પડ્યો હતો.

### કારગિલ વિજયને ૨૧ વર્ષ પૂરા,રક્ષામંત્રીએ આપી શહીદોને શ્રદ્ધાંજલિ

## દુશ્મનો હુમલો કરવાની હિંમત કરશે તો કારગિલ જેવો જડબાતોડ જવાબ મળશે: રક્ષા મંત્રી

*ન્યુ દિલ્હી,તા.૨૬*



કારગિલ વિજય દિવસના અવસર પર રક્ષા મંત્રી રાજનાથ સિંહે વીર જવાનોને વંદન કર્યું છે. તેમણે જણાવ્યું કે, કારગિલ વિજય દિવસ માત્ર એક દિવસ નથી પરંતુ ભારતીય સેનાના શૌર્ય અને પરાક્રમનો વિજ્યોત્સવ છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષાની મર્યાદામાં આપણે જે પણ કરીએ છીએ તે હંમેશા માટે આત્મરક્ષા માટે કરીએ છીએ, આક્રમણ માટે નહીં. જો દુશ્મન દેશે ક્યારેય હુમલો કર્યો તો આપણે સાબિક કરી દીધું કે કારગિલની જેમ આપણે તેમને જડબાતોડ આપીશું. રક્ષા મંત્રીએ અગાઉ ટ્વીટ કર્યું હતું કે, કારગિલ વિજય દિવસની ૨૧મી વર્ષગાંઠ પર હું ભારતીય સેનાના બહાદુર સૈનિકોને સલામ કરવા માગું છું જેમણે સૌથી પડકારજનક સ્થિતિમાં દુશ્મનોનો સામનો કર્યો જે દુનિયાના ઈતિહાસમાં ક્યારેય થયું નથી. રાજનાથ સિંહે જણાવ્યું કે, મને લેહ-લદ્દાખ જવાનો અને ત્યાંથી કારગિલના વીર સપૂતોને શ્રદ્ધાંજલિ આપવાની તક પ્રાપ્ત થઈ હતી. મને આ વાત જણાવતા ખૂબ જ ખુશી થઈ રહી છે કે ૨૦ વર્ષ પહેલાની તુલનામાં મેં લદ્દાખમા ઘણાં મોટા ફેરફાર જોયા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા: ૧૧૧૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૫૮૨૨**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૭૫૩**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૪૦૩૬૫**

## તંત્રી સ્થાનેથી...

# નવી વૈશ્વિક રાજકીય અને આર્થિક વ્યવસ્થા

*અગાઉ થઈ ગયેલાં બે વિશ્વયુદ્ધોની વાત કરીએ તો તેમાં અલગ અલગ રાષ્ટ્રોનાં બે સમૂહો સામસામે લડયાં હતાં. આજે વિશ્વના બધા દેશો કોરોના વાઈરસ સામે લડી રહ્યા છે. જો કે, કોરોના સામેનું વિશ્વયુદ્ધ એ રીતે અલગ પડે છે કે વિશ્વનાં ઘણાં રાષ્ટ્રો આજે ચીનના વિરોધી થઈ ગયાં છે. કોરોના વાઈરસ ચીનનું બાયોવેપન હોવાની શંકાઓ થઈ છે અને તેને ચીની વાઈરસ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. વળી, ચીનની શાસનપદ્ધતિ પણ વિશ્વ સમક્ષ એક મોટો પ્રશ્ન છે.બીજા વિશ્વયુદ્ધ પછી જે રીતે વૈશ્વિક વ્યવસ્થા બદલાઈ ગઈ હતી એ જ રીતે કોરોના સામેના યુદ્ધ પછી પણ વિશ્વની વ્યવસ્થા બદલાઈ રહી છે.*

*યોગાનુયોગે એ સમયે સામ્યવાદી સોવિયેત સંઘ અને મૂડીવાદી અમેરિકાએ બે મોરચા ખોલ્યા હતા. આજે ચીન સામ્યવાદી પણ છે અને મૂડીવાદી પણ છે. સાથે સાથે તેને વિસ્તારવાદી પણ ગણવામાં આવે છે. આજની નવી વૈશ્વિક વ્યવસ્થામાં ચીન એક તરફ અને ભારત સહિતના દેશો બીજી તરફ આવી ગયા છે. આ બન્ને મોરચા હજી સ્પષ્ટ થયા નથી, પરંતુ અત્યારે ચીન એકલું પડી રહ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. નોંધનીય છે કે હજી કોરોનાએ દુનિયાનો પીછો છોડયો નથી ત્યાં ચીનમાંથી પ્લેગ ફેલાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, ત્યાંથી બીજો પણ કોઈ રોગચાળો અને કોરોનાનો બીજો દોર શરૂ થાય તો નવાઈ નહીં એવી સ્થિતિ છે. કોરોના પછી વિશ્વ પહેલાં જેવું રહ્યું નથી અને રહેવાનું પણ નથી. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે. હવે ચીનની વિસ્તારવાદી નીતિ ખુલ્લી પડી ગઈ હોવાથી અમેરિકા જેવી મહાસત્તા આ નવી મહાસત્તાનો ઉદય થાય નહીં એ વાતની તકેદારી પણ લેશે. આમ, ફરી એક વાર વિશ્વનો ભૂરાજકીય નકશો બદલાઈ રહ્યો છે.કોરોના વાઈરસનો ઉપયોગ જૈવિક શસ્ત્ર તરીકે થયો છે કે કેમ એ હજી સ્પષ્ટ નથી, પરંતુ દુનિયાને આવું યુદ્ધ પોષાય એમ નથી એ બધા સમજી ગયા હોવાથી અનેક દેશોએ ચીનની સામેના મોરચાને સાથ આપ્યો છે.તેમાં ભારત પણ બાકાત નથી. ભારતે ચીન છોડીને પોતાને ત્યાં ઉત્પાદન કેન્દ્રો શરૂ કરવા માગતી કંપનીઓ માટે લાલ જાજમ પાથરી છે.*

*એ ઉપરાંત સરહદ પરની ચીનની ઘૂસણખોરીને સાંખી નહીં લેવાય એવી સ્પષ્ટ સંદેશ હાલમાં આપવામાં આવ્યો છે. સંરક્ષણની દૃષ્ટિએ ભારત નવાં નવાં શ-સરંજામ લઈને પોતાની તાકાતને વધારવા માગે છે. સાથે જ પહેલી વાર ભારતની શક્તિ અને ક્ષમતા દુનિયાને જોવા મળી છે. આથી જ જાપાન, જર્મની, દક્ષિણ કોરિયા, સાઉદી અરેબિયા, વગેરે દેશોએ ભારત સાથેના વેપારી સંબંધો મજબૂત બનાવવા પર ભાર મૂક્યો છે. બીજી બાજુ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દોસ્તી પણ પ્રખ્યાત છે. અમેરિકા પોતાની વૈશ્વિક આણ ફેલાયેલી રહે એવું ઈચ્છે છે અને ભારત વેપારી અને ઉત્પાદન કેન્દ્ર તરીકેના પોતાના સ્થાનને વધુ બનાવવા ઈચ્છે છે. આથી અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો વધુ ને વધુ મજબૂત થઈ રહ્યા છે.સાથે જ યુરોપ પણ હવે ચીનની હરકતોથી નાખુશ છે. તેનું સૌથી મોટું કારણ કોરોના વાઈરસ છે. આ વાઈરસના રોગચાળાને લીધે યુરોપને પારાવાર નુકસાન થયું છે, જેમાં જીવહાનિ અને આથક હાનિ બન્નેનો સમાવેશ થાય છે. યુરોપના દેશ જર્મનીના ચાન્સેલર એન્જેલા મરકેલે કોરોના વાઈરસને આ દુનિયા સામેનો સૌથી મોટો પડકાર ગણાવ્યો છે.કોરોનાના રોગચાળાને અનુલક્ષીને બની રહેલી નવી વૈશ્વિક વ્યવસ્થા આગામી છ મહિનામાં મહદ્ અંશે આકાર લઈ ચૂકી હશે એવું ચોક્કસપણે કહી શકાય. અમેરિકા અને જર્મની તથા કેનેડાની જેમ ઓસ્ટ્રેલિયા પણ ચીનની વિસ્તારવાદી નીતિ અને કૂટનીતિથી ખફા છે.અમેરિકાની વાત કરીએ તો, ત્યાં નવેમ્બરમાં પ્રમુખપદ માટેની ચૂંટણી થવાની છે. જો કે, ટ્રમ્પની જગ્યાએ જો બિડેન પણ પ્રમુખ બનશે તો ચીન પ્રત્યેની નીતિ નહીં બદલાય એ સ્પષ્ટ છે.અમેરિકા, જર્મની, કેનેડા, ઓસ્ટ્રેલિયા એ બધા દેશોએ કોરોના વાઈરસના રોગચાળાની શરૂઆત ક્યાંથી થઈ તેના વિશે તપાસની માગણી કરી છે, જેને પગલે વૈશ્વિક આરોગ્ય સંસ્થાનની ટુકડી ચીન જઈ રહી છે. અધૂરામાં પૂરું, ચીને ડ્રગ્સની હેરાફેરીના આરોપસર ઓસ્ટ્રેલિયાના એક માણસને મૃત્યુદંડ આપ્યો હોવાથી બન્ને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો વણસ્યા છે. ઉપરાંત, ચીને ઓસ્ટ્રેલિયાથી થતી ગાયના માંસની આયાત અટકાવી દેવા ઉપરાંત ઓસ્ટ્રેલિયાના જવ પર નવી ઉંચી ટેરિફ લાદવાની ધમકી આપી હોવાથી વેપારી સંબંધો પણ બગડયા છે. ચીને પોતાના વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયામાં શિક્ષણ માટે પ્રવેશ નહીં લેવાની ભલામણ કરી છે. તેનું કહેવું છે કે ત્યાં જાતિવાદી હુમલાઓ થયા છે. જો કે, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્કોટ મોરિસન ગાંજ્યા જાય એવા નથી. તેમણે કહ્યું છે કે તેઓ આર્થિક હિત કરતાં દેશની સ્વાયત્તતાને વધુ મહત્ત્વ આપે છે. ચીન સાઉથ ચાઈના સી વિસ્તારમાં પોતાની વગ વધારી રહ્યું છે એ પણ ભારત સહિતના અનેક દેશોની જેમ ઓસ્ટ્રેલિયાને પણ રુચ્યું નથી. આ જ વિસ્તારવાદની સામે જપાન અને યુરોપે ભારતને સાથ આપ્યો છે. તેઓ બધા સાથે મળીને આંતરરાષ્ટ્રીય સરહદને બચાવી લેવા સાથે મળીને કામ કરવા તૈયાર થયા છે.દરમિયાન, સપ્ટેમ્બરમાં થનારી યુરોપિયન યુનિયનના નેતાઓ અને ચીનના વડા શી જિનપિંગ વચ્ચેની શિખર મંત્રણા પણ અનિશ્ચિત મુદત માટે પાછળ ઠેલવામાં આવી છે. જપાન અને યુરોપિયન યુનિયન હવે અનેક વસ્તુઓ માટે ચીન પરની નિર્ભરતા ઘટાડીને ભારત તરફ નજર કરી રહ્યા છે. ચીન પોતાની વગ વધે એ રીતનું કોઈ પણ રોકાણ કરે નહીં એવી નીતિ ભારત, જર્મની, ઓસ્ટ્રેલિયાએ અપનાવી છે.*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૭-૭-૨૦૨૦, સોમવાર, શ્રાવણ સુદ-૭
સૂર્યોદય-૬-૧૮, સૂર્યાસ્ત-૭-૨૯, જૈન નવકારશી-૭-૦૬,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૩૬ થી શુભ-૧૧-૧૪ સુધી, ૧૪-૩૨થી ચલ-લાભ-અમૃત- ચલ-૨૦-૫૦ સુધી, ૨૩-૩૨થી લાભ-૨૪-૫૩ સુધી

- શુભ હોરા-
૬-૧૮થી ૭-૨૪ સુધી, ૮-૩૦ થી ૯-૩૬ સુધી, ૧૧-૪૩ થી ૧૫-૦૫ સુધી ૧૬-૧૧ થી ૧૭-૧૭ સુધી

# બુલિયન ફ્યુચર્સનું ટર્નઓવર ૭ વર્ષના ઉચ્ચત્તમ સ્તરે : સોનાના વાયદો રૂ.૫૦ હજાર અને ચાંદીનો રૂ.૬૧ હજારને પાર

### ચાંદીના વાયદાનું ટર્નઓવર સાડા સાત વર્ષના ઉચ્ચત્તમ સ્તરેઃ ચાંદી ઓપ્શન્સ (૩૦ કિ.ગ્રા.)નું ટર્નઓવર ઓલ ટાઈમ હાઈઃ ક્રૂડ તેલના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ કપાસ, સીપીઓ, એલચીમાં સુધારો

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૭થી ૨૩ જુલાઈના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં ૩૪,૪૬,૫૧૩ સોદાઓમાં કુલ રૂ.૨,૦૩,૫૦૭.૯૩ કરોડનું નોંધપાત્ર ટર્નઓવર થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ૨૨ જુલાઈએ એમસીએક્સનું ચાંદીના વાયદાનું ટર્નઓવર સાડા સાત વર્ષના રૂ.૩૨,૯૯૪ કરોડના ઉચ્ચત્તમ સ્તરે પહોંચ્યું હતું, જ્યારે એમસીએક્સ બુલિયન ફ્યુચર્સનું ટર્નઓવર સાત વર્ષના રૂ.૪૫,૮૯૧ કરોડનાં ઉચ્ચત્તમ સ્તરે પહોંચ્યું હતું. ચાંદીના ઓપ્શન્સ (૩૦ કિ.ગ્રા.)માં ટર્નઓવર રૂ.૪૬૩ કરોડના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યું હતું. સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વાયદાએ રૂ.૫૦ હજાર અને ચાંદીના વાયદાએ રૂ.૬૧ હજારની સપાટી કૂદાવી હતી. સીસા સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, સીપીઓ, એલચીમાં સુધારા સામે મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો. કોટનના વાયદાના ભાવમાં બેતરફી વધઘટ હતી. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૭૯૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૦,૯૩૬ અને નીચામાં રૂ.૪૮,૭૧૩ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૭૭૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૯૨૭ (૩.૯૫ ટકા)ની તેજી સાથે રૂ.૫૦,૭૦૦ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯,૩૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૪૪૫ (૩.૬૬ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૦,૮૮૪ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૧,૧૩૦ અને નીચામાં રૂ.૩૯,૩૭૦ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૮૮૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬૮ (૩.૪૪ ટકા) વધી બંધમાં રૂ.૫,૦૫૩ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫,૦૮૫ અને નીચામાં રૂ.૪,૮૮૩ બોલાયો હતો.

સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૮૧૨ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૦,૯૭૦ અને નીચામાં રૂ.૪૮,૭૬૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૯૫૧ (૪ ટકા)ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૫૦,૮૬૨ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૫૨,૪૪૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૨,૪૦૦ અને નીચામાં રૂ.૫૨,૧૭૮ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૫૨,૬૧૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૮,૫૮૦ (૧૬.૩૧ ટકા)ના ઉછાળા સાથે રૂ.૬૧,૧૯૦ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૫૨,૫૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૨,૪૩૦ અને નીચામાં રૂ.૫૨,૧૧૬ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૫૨,૬૯૨ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૮,૬૧૦ (૧૬.૩૪ ટકા)ના ઉછાળા સાથે રૂ.૬૧,૩૦૨ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૫૨,૫૦૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૨,૪૫૦ અને નીચામાં રૂ.૫૨,૩૦૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૮,૬૧૭ (૧૬.૩૫ ટકા) વધી બંધમાં રૂ.૬૧,૩૦૮ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૫૦૦.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૨.૭૫ (૨.૫૫ ટકા) વધી રૂ.૫૧૨.૬૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧,૦૧૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૧.૪૦ (૧.૧૨ ટકા) વધી બંધમાં રૂ.૧,૦૨૬.૬૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૩૭ ખૂલી, સપ્તાહના અંતે ૪૫ પૈસા (૦.૩૩ ટકા) વધી રૂ.૧૩૭.૮૦ના સ્તરે રહ્યો હતો. સીસું જુલાઈ વાયદો રૂ.૧૪૭.૩૫ ખૂલી, સપ્તાહના અંતે ૫૦ પૈસા (૦.૩૪ ટકા) ઘટી રૂ.૧૪૬.૮૦ અને જસત જુલાઈ વાયદો રૂ.૧૭૫.૪૦ ખૂલી, સપ્તાહના અંતે ૪૦ પૈસા (૦.૨૩ ટકા) વધી રૂ.૧૭૬.૪૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૦૮૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૧૮૨ અને નીચામાં રૂ.૩,૦૦૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૩૨ (૧.૦૪ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે બંધમાં રૂ.૩,૧૧૬ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જુલાઈ વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૨૯.૬૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૨૦ (૪.૦૨ ટકા) વધી રૂ.૧૩૪.૬૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના ત્રણેય વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૨૦થી રૂ.૩૩૦ની રેન્જમાં મિશ્ર વધઘટ હતી. કોટનનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૧૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૫૭૦ સુધી અને નીચામાં રૂ.૧૫,૯૭૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૧૨૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૦ (૦.૧૨ ટકા)ના સુધારા સાથે રૂ.૧૬,૩૧૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૬૪.૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૮૮.૫૦ અને નીચામાં રૂ.૯૫૯ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૬૪.૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૭ (૦.૭૩ ટકા) વધી રૂ.૯૭૧.૫૦ના સ્તરે બંધ થયો હતો.


ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૩૧.૫૦થી રૂ.૩૯.૨૦ની રેન્જમાં વધ્યા હતા. સીપીઓનો જુલાઈ વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૭૦૩.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૯.૨૦ (૫.૬૦ ટકા) વધી રૂ.૭૩૯.૩૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૭૪૦ અને નીચામાં રૂ.૭૦૩.૧૦ બોલાયો હતો.

એલચીનો ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૬૦.૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧,૪૬૭ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૧,૩૮૯.૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૭૭.૫૦ (૫.૫૮ ટકા) વધી રૂ.૧,૪૬૭ના સ્તરે બંધ થયો હતો. મેન્થા તેલના બંને વાયદા કિલોદીઠ રૂ.૪૫.૫૦થી રૂ.૪૮ જેટલા નરમ હતા. મેન્થા તેલનો જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૬૦.૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૬૪.૯૦ અને નીચામાં રૂ.૯૧૪ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૪૫.૫૦ (૪.૭૩ ટકા) ઘટી બંધમાં રૂ.૯૧૫.૮૦ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન સોનાના વાયદાઓમાં ૨,૮૩,૫૪૭ સોદાઓમાં રૂ.૪૮,૧૮૫.૨૧ કરોડનાં ૯૬.૯૦૦ ટન, ચાંદીમાં ૨૦,૭૭,૮૪૧ સોદાઓમાં રૂ.૮૯,૯૩૦.૪૫ કરોડનાં ૧૫,૪૮૦.૭૮૫ ટન, તાંબામાં ૯૫,૨૩૭ સોદાઓમાં રૂ.૧૩,૬૧૮.૪૭ કરોડનાં ૨,૬૯,૮૫૭.૫૦૦ ટન, નિકલમાં ૮૭,૧૬૩ સોદાઓમાં રૂ.૧૪,૨૩૪.૧૬ કરોડનાં ૧,૪૧,૪૯૯.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં ૭,૯૩૭ સોદાઓમાં રૂ.૫૮૫.૯૮ કરોડનાં ૪૨,૭૨૫ ટન, સીસામાં ૧૭,૭૬૯ સોદામાં રૂ.૧,૪૬૦.૪૪ કરોડનાં ૯૯,૦૧૦ ટન, જસતમાં ૫૭,૬૬૩ સોદાઓમાં રૂ.૫,૫૧૨.૫૨ કરોડનાં ૩,૧૫,૨૭૦ ટન, ક્રૂડ તેલમાં ૨,૬૮,૦૧૨ સોદાઓમાં રૂ.૧૩,૩૩૯.૮૬ કરોડનાં ૪,૩૧,૬૬,૭૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૫,૩૧,૬૧૫ સોદાઓમાં રૂ.૧૪,૭૦૫.૪૧ કરોડનાં ૧,૧૬,૩૪,૩૧,૨૫૦ એમએમબીટીયૂ, કપાસમાં ૩૦૪ સોદાઓમાં રૂ.૬.૬૦ કરોડનાં ૧,૩૫૬ ટન, કોટનમાં ૩,૪૭૫ સોદામાં રૂ.૨૩૪.૬૯ કરોડનાં ૧,૪૪,૪૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૫,૬૫૦ સોદાઓમાં રૂ.૧,૬૬૧.૫૦ કરોડનાં ૨,૩૧,૨૯૦ ટન, એલચીમાં ૧ ટન અને મેન્થા તેલમાં ૨૯૫ સોદાઓમાં રૂ.૩૨.૫૭ કરોડનાં ૩૪૬ ટનના વેપાર થયા હતા.

### સિદ્ધપુરનાં સ્વયંભૂ શિવાલય શ્રેણી-૨

# સિદ્ધપુરનાં પાંચ સ્વયંભૂ શિવાલય પૈકીનું શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિર



સિદ્ધપુરનાં પાચ સ્વયંભૂ શિવાલય શ્રેણીમાં આપણે અગાઉ શ્રી અરવડેશ્વર મહાદેવનુ મહાત્મય જાણી પવિત્ર શ્રાવણ માસમાં તેમના દર્શનનો લ્હાવો લીધો..આવો આજે જાણીએ આવા જ સ્વયંભૂ શિવાલય બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિરનું મહાત્મય અને દર્શન કરી પાવન થઈએ.... સિદ્ધપુર સરસ્વતિ નદીના પૂર્વ કિનારે આવેલું બ્રહ્માંડેશ્વર મહાદેવનું પુરાતન મંદિર અતિ વિશાળ જગ્યામાં અને વનરાજી વાળી જગ્યામાં આવેલું છે.અહીં અગાઉ આંબલી નાં ઝાડનુ જંગલ આવેલુ હતુ.આ પવિત્ર સ્થળે બ્રહ્માજીએ અઘોર તપશ્ચર્યા કરી ભોળાનાથ પાસે વરદાન માંગી સ્વયં ભોળાનાથને અહીં પ્રગટ કર્યા હતા.આથી આ મંદિર ને બ્રહ્માંડેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે.આ શિવલિંગનું ખુદ બ્રહ્માજી દ્વારા પુજનઅર્ચન કરવામાં આવ્યુ છે.બ્રહ્માજીને સરસ્વતી નદીની પરિક્રમા કરવાની ઈચ્છા થતાં તેઓ અહીં આવેલા મોક્ષપિંપળા નજીક આવ્યા હતા. બ્રહ્માજીએ અહિં આવી હજારો વર્ષોથી તપશ્ચર્યા કરનારા ઋષિમુનિઓને પ્રાર્થના કરી આમંત્રણ આપી આશિર્વાદ આપવાનું કહેતા ઋષિમુનીઓએ યથાવિધી બ્રહ્માજીને સ્નાન કરાવી આશિર્વાદ આપ્યા હતા.જે સ્થળે બ્રહ્માજીએ સ્નાન કર્યુ હતું ત્યાં બ્રહ્મકુંડ નુ નિર્માણ થયું અને ત્યાં સ્વયં ભોલેનાથ પ્રગટ થયા અને પ્રસન્ન થઈ ઋષિમુનિ ઓ અને બ્રહ્માજીને આશીર્વાદ માંગવાનું કહ્યુ. બ્રહ્માજીએ સ્વયં પ્રગટ થયેલા શિવલિંગની વિધિપૂર્વક પૂજા કરી અને કહ્યું..હે જગતપાલક અમે આપના દર્શન પામી કૃતાર્થ થયા છીએ જો આપ અમોને વરદાન આપવા ઈચ્છતા હોવ તો અમે એવું ઇચ્છીએ છીએ કે આપ અહીં એક કલ્પ પર્યતં સુધી રહો...બ્રહ્માજીના વચન સાંભળી ભોલેનાથ બોલ્યા હે બ્રહ્માજી હું તમારી ભાવનાથી પ્રસન્ન થયો છે માટે હું આપને વરદાન આપું છું કે હું એક કલ્પ સુધી અહીં સર્વે સિદ્ધ ઋષિમુનિઓ સાથે રહીશ અને સર્વે ભક્તોની મનોકામના પુર્ણ કરીશ. વળી તમારા સ્નાન થકી અહીં જે કુંડ થયો છે તે બ્રહ્મકુંડ તરીકે ઓળખાશે અને કળિયુગમાં આ કુંડમાં સ્નાન કરી મારી ભક્તિ ભાવપૂર્વક પૂજા કરનાર પરમ ગતિને પામશે.ત્યાર બાદ બ્રહ્માજીએ પોતાની સરસ્વતિ પ્રદક્ષિણા શરૂ કરી હતી.બ્રહ્માંડેશ્વર મહાદેવ ભવન અને બ્રહ્મકુંડનું નિર્માણ બ્રહ્માજી ના કહેવાથી સાક્ષાત વિશ્વકર્માએ કર્યું છે.અહીં શ્રદ્ધાળુઓ દ્વારા હોમહવન,પિતૃતર્પણ નારાયણબલી જેવી વિધિ કરવામાં આવે છે.બ્રહ્મકુંડ

નું જળ અહીં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી આવતા કાવડિયાઓ શ્રાવણ માસ માં શિવપૂજા અને અભિષેક કરવા માટે લઈ જાય છે.આ જગ્યા દશનામી સાધુ સમાજનાં મોટા મઠનાં મહંતની છે. હાલ બ્રહ્માંડેશ્વર મહાદેવ ટ્રષ્ટ બધી વ્યવસ્થા સંભાળે છે.અહીં ઢગલા બાપજીનુ મંદિર તેમજ સોમનાથ મહાદેવ જે રૂદ્રમહાલય વખતના સોમપુરા સલાટો નાં ઈષ્ટદેવ છે તે બિરાજમાન છે.શ્રાવણ માસમાં બ્રહ્માંડેશ્વર મહાદેવ માં સિદ્ધપુરનાં પિતાંબરી બ્રાહ્મણો દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પુજન-અર્ચન કરવામાં આવે છે. સરસ્વતી નદિના કિનારે પ્રકૃતિનાં ખોળે બિરાજમાન સ્વયંભૂ શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવનાં દર્શન કરવા જીવન નો એક અનેરો લ્હાવો છે.

રિપોર્ટર ધ્રુવકુમાર દવે

## કારગીલ વિજય દિને સર્વે શહિદોને શ્રધ્ધાંજલિ સહ વંદન

કોઈનો લાડકવાયો
રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવેઃ
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.
કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી;
મુખથી ખમ્મા ખમ્મા કરતી
માથે કર મીઠો ધરતી.
થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો;
અણપૂછયો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.
એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા નાહ્વી;
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી;
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.
ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતીઃ
કોઈનો લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.
કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાંઃ
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.
કોઈનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઉપર કર-જોડામણ કરજોઃ
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!
વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક હુંબન ધીરેઃ
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!
વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.
એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.
કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતાઃ
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.
એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રૂધિર-છલકતી ગજગજ પહોળી છાતી;
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો હશે આંખ રાતી.
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢેઃ
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજોઃ 'ખાક પડી આંહી
કોઈના લાડકવાયાનીહ્ન
મેઘાણી

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"
પદ્ય વિભાગ
૧ દિવ્યા પુરોહિત"બંસરી"
૧)NG NO0006
શીર્ષક -તૃષા મા-બાપની
૨)ટેલર કૃણાલ શાંતિલાલ
૨)NG NO0033
શીર્ષક - પ્રેમની તૃષા
૩ મેહુલ ત્રિવેદી
૩)NG NO 0015
શીર્ષક -તડપતી તૃષા
૪)પ્રકૃતિ શાહ "પ્રીત"
૪)NG No 0048
શીર્ષક -હાઈકુમાળા
ગદ્ય વિભાગ
૧) શ્રધ્ધા ભટ્ટ
૧)NG NO 0055.
શીર્ષક તૃષા
૨)સંધાર ગીતા કાનજી ભાઈ
૨)NG NO-0041
શીર્ષક -તૃષા
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ

----------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG/ 0055
વિભાગઃ ગદ્ય
શબ્દ : તૃષા

શેઠ નરોત્તમદાસ મુંબઈથી આવ્યા હતા, હંમેશાં માટે ગામડે વસવા...જે ગામ છોડે વર્ષો થયાં હતાં તે વતન નો તલસાટ આજે અહી ખેંચી લાવ્યો હતો,ખબર નહિ હવે કેટલું કાઢે?... પણ આ વાતને પણ આજે ઘણો સમય વીત્યો..પોતે પણ હવે દેહ છોડવા માંગતા હતા પણ " એમ કઈ દોરો થોડો છે, તો તોડી નાખીએ" એવું ગામના ગઢીયા સમજાવતા.

પોતાના ભૂતકાળનો ભૂતાવળ તેને જંપવા જ નહોતો દેતો, કિશોરાવસ્થામાં સાવિત્રી સાથેનો પ્રેમ...તેનું કુંવારી માં બનવું, પોતે અતિ મહત્વકાંક્ષાને લીધે તેને તરછોડી દીધી હતી, મક્કમ મનની સાવિત્રી બાળકીને જન્મ આપી દુનિયા છોડી દીધી હતી, સફળતાનો સ્વાદ ચાખી લીધેલા નરીયાને શેઠ નરોત્તમદાસ બનતા કોઈ રોકી ન શક્યું નહોતું.....પણ આજે ઇ...આગ ના લપકારા જેવી ઇ વાતું... .અંગે અંગે આગ લગાડતી હતી.

એવામાં ક્યાંકથી વાવડ આવ્યા હતા કે સાવિત્રીની દીકરી આનંદી આજ ગામમાં નિશાળમાં ભણાવે છે, હજુ પરણી નથી, માં ના નામની ધૂણી ધખાવી શિક્ષાના અજવાળા પાથરે છે.... પશ્ચાતાપના આંસુ સારતા શેઠ તેને મળ્યા... પોતાની દીકરી આગળ અંતરપટ ખોલ્યા, આનંદી ખૂબ સમજદાર હતી, પિતૃભાવથી ઈ ડોસાની વાત સાંભળી, આંસુ લૂછ્યા, લોટો ભરીને પાણી આપ્યું, આજે શેઠની જાણે જનમ જનમની તૃષા તૃપ્ત થઈ ગઈ......

હવે તૃપ્ત થયેલ પંખી પિંજરું છોડી ગયું હતું.
શ્રદ્ધા ભટ્ટ. વાપી

----------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG 0041
વિભાગઃગદ્ય
શીર્ષક :તૃષા

ગોપી અને તેના બાપુ એક નાનકડાગામમાં રહેતા હતા .ગોપીની મા તો તે નાની હતી ત્યારે જ તેને મૂકી સ્વર્ગલોકમાં જતી રહી હતી .ગોપી અને તેના બાપુ એકબીજાનો આશરો બની રહેતાં. મા વગરની દીકરી ને તેના બાપુએ ખૂબ સંસ્કાર અને સ્નેહ આપ્યા હતા.તેના બાપુ ખેતી કરતાં અને તેમનું ગુજરાન ચલાવતા.

ગોપી ના બાપુને ગોપી ના લગ્ન માટે બહુ ચિંતા થતી કારણ કે તે જમાનામાં 'દહેજ પ્રથા' હજુ ચાલતી. બે-ત્રણ વર્ષથી વરસાદ પણ જોઈએ તેટલા પ્રમાણમાં થયો ન હતો ,તેથી ચિંતા ખૂબ વધી ગઈ હતી ."આ ધરતીની તૃષા ન જાણે ક્યારે સંતોષાય અને તે ધરતી પર થતા પાક થી ખેડૂતની ".ગોપી વાળુ કરતા સમયે દરરોજ બાપુને પુછતી,"બાપુ હમણાં તમે બહુ પરેશાન લાગો છો કંઈ સમસ્યા છે ".બાપુ ગોપીને હસીને કહેતા કંઈ નહી બેટા . તેઓ મનોમન વિચારતા,આ વેદના તો દિકરીના મા-બાપ જ જાણી શકે દહેજ લેનાર લોકો નહિ.

આ વર્ષે અષાઢી વાદળ મંડાયા.સૌએ આકાશ તરફ મીટ માંડી .થોડા જ દિવસમાં મેહુલિયા નો આગમન થયું ,અને હવે તો ગોપી ના ખેતરમાં પાક લહેરાવા લાગ્યો .આ વર્ષે ખૂબ સારો પાક થયો. ગોપીના બાપુએ એક સારી જગ્યાએ ગોપીના લગ્નનું પણ ગોઠવ્યું. તેમણે સામે પક્ષ વાળાને તેમના થી અપાય તેટલું દહેજ પણ આપ્યું .પણ લગ્નના થોડા સમય પછી સાસરીયા વાળા ગોપીને દહેજ માટે હેરાન કરવા લાગ્યા. તેમને દહેજ માટેની તૃષા સંતોષાતી જ ન હતી .ગોપી એ બાપુને કહ્યું ,"બાપુ આ ધરતીની તૃષા તો વરસાદ રૂપી અમૃત સંતોષી શકે છે પણ આ મનુષ્ય ની લાલચ રુપી તૃષા કોણ સંતોષે ....?
સંઘાર ગીતા કાનજીભાઈ " નિલમ"

----------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG/0006
વિભાગ - પદ્ય
ગઝલ-લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા
શિર્ષક - તૃષા મા- બાપની
તૃષા મા - બાપની ઘરડા ઘરે મરવા સુધીની થઇ,
ને એના દીકરાના દ્વારથી ખરવા સુધીની થઇ.
નથી સંભાળ લીધી કે ન મમતા ની કદર કીધી,
હવે તો વાત કાયમ આસુમાં તરવા સુધીની થઇ.
પનોતી જાતની ગણવી કે એ સંતાનની ગણવી?,
બધી પૂજા બધી શ્રદ્ધા હવે ઠરવા સુધીની થઇ.
મનુજ અવતાર દીધો પણ ન દીધી માણસાઈ કા?,
જુઓને જિંદગી પણ છેવટે ડરવા સુધીની થઇ.
બળે જે રોજ પીડાથી જખમ એનાં ન દેખાયા,
દરદની આગ આખર લાશ થઇ ઠરવા સુધીની થઇ
દિવ્યા એમ.પુરોહિત "બંસરી"

----------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG/0033
વિભાગ : પદ્ય
શીર્ષકઃ પ્રેમની તૃષા.
ઘણી તૃષા છે તારા પ્રેમની મારામાં.
એકવાર ફરી નદી બની આવી જા તું.
તરસ્યા થયેલાં મારાં દિલનાં અરમાનોને
વરસાદી વાદળ બની તૃષા છીપાવી જા તું.
તારી આંખો મદમસ્તી મંદિરા જેવી
તરસેલી મારી આંખોને નજર બતાવી જા તું.
તરસ્યો ઉભો છું આ વિરાન જંગલમાં
એક આલિંગન આપી તૃષા છીપાવી જા તું.
પ્રેમનો દરિયો હોવા છતાં તરસ્યો ઉભો છું હું.
મારી આ ખારાશને મીઠી બનાવી જા તું.
"કૃણાલ" ઉભો છે તારા પ્રેમનો દિવો લઇ
ઉછળતી , કૂદતી ગંગા બની પ્રેમની તૃષાને વહેડાવી જા તું.
ટેલર કૃણાલ શાંતિલાલ સુરત

----------------------------------------

NOGS (VIP)
NG NO:- 0015
શબ્દ સ્પર્ધાઃ- તૃષા
વિભાગઃ- પદ્ય
તડપતી તૃષા
ચાતકની તૃષા છીપાતી
વરસાના છાંટડે,
જેમ બાળ થકી માતની.
ભ્રમર છીપાવે તૃષા
ફુલની પાંદડીએ,
જેમ ભાઈ થકી બહેનની.
શેવાળ છીપાવે તૃષા
સરોવર જળથી,
જેમ દીકરી થકી બાપની.
ભરતી છીપાવે તૃષા
સાગર કાંઠાની,
જેમ બાપ થકી દીકરાની
આકાશ છીપાવે તૃષા
ધરતીના ઉરની,
જેમ પરિવાર થકી કુટુંબની.
મેહુલ ત્રિવેદી....ખેરાળી

----------------------------------------

NOGS (VIP)
NG NO:- 048
શબ્દ સ્પર્ધાઃ- તૃષા
વિભાગઃ- પદ્ય (હાઈકુમાળા)
અતૃપ્ત ભૂમિ,
તૃષા છીપે મેઘથી,
થાય છે તૃપ્ત.
વિરહ તૃષા,
તૃપ્તિ આણે, મિલન
સંદેશ થકી.
તૃષા અતૃપ્ત
ચક્ષુની, તૃપ્તિ મળે,
તુજ દર્શને.
લાગણીભર્યું
ચુંબન, તૃષા તૃપ્ત
અધરો કેરી.
સ્પર્શની તૃષા,
પામે તૃપ્તિ, પ્રગાઢ
આલિંગનથી.
પ્રકૃતિ શાહ "પ્રીત", અમદાવાદ

----------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com

----------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ દિવ્યા




## શિહોરી પો.સ્ટે. વિસ્તારના
# અરણીવાડા ગામની સીમમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી શીહોરી પોલીસ

શ્રી પોલીસ મહાનિરિક્ષક શ્રી સુભાષ ત્રીવેદી સાહેબ બોર્ડર રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક શ્રી તરૂણ દુગ્ગલ સાહેબ બનાસકાંઠા,પાલનપુર નાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી.એચ.ચૌધરી સાહેબ તથા સર્કલ પો.ઈન્સ.કે.એસ.ચૌધરી સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોહી/જુગારની પ્રવૃતીઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના હોઈ જે અનુસંધાને એસ.વી.આહિર પો.સબ.ઈન્સ શિહોરી નાઓ તથા અ.હેડ.કોન્સ. ભુપતભારથી જીવાભારથી બ.નં.૮૯૨ તથા અ.હેડ.કોન્સ.વદનાજી ભારાજી બ.નં.૧૫૬૯ તથા પો.કોન્સ. શૈલેષકુમાર ગણપતભાઇ બ.નં.૮૧૪ તથા પો.કોન્સ. રમેશકુમાર રૂપાભાઇ બ.નં.૬૩૮ તથા પો.કોન્સ.આબાદખાન ઈનાયતખાન બ.નં.૧૪૩૮ તથા પો.કોન્સ. જગુભા રણછોડજી બ.નં.૬૭૮ તથા પો.કોન્સ.અલ્પેશજી કરશનજી બ.નં.૨૦૨૪ તથા પો.કોન્સ. દેવાજી મોઘાજી બ.નં.૧૮૮૦ નાઓ શિહોરી પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી/જુગાર લગત પેટ્રોલીગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા અરણીવાડા ગામે આવતા એસ.વી.આહિર



પો.સબ.ઈન્સ શિહોરી નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અરણીવાડા ગામની સીમમાં આવેલ દલપુજી હેમતુજી સોલંકી રહે.અરણીવાડા તા.કાંકરેજ વાળાનુ કુંમચારાની વાટવાળા ઉપર આવેલ ખેતરમાં સેદડાના ઝાડ નીચે કેટલાંક માણસો ભેગા થઇ ગંજી પાનાનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે સદરે જગ્યાએ જુગારની પંચો સાથે રેઇડ કરતા કેટલાક ઇસમો ભેગા થઇ ગંજીપાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમી રમતા હોઇ જેઓ અમો પોલીસેને જોઇ નાશવા જતા (૧) રમેશજી બાસ્કુજી રાઠોડ રહે.ભલાણીપાટી,મુડેઠા તા.કાંકરેજ (૨) અર્જુનસીંહ ભવાનજસીંહ જાતે.રાઠોડ રહે. ભલાણીપાટી,મુડેઠા તા.કાંકરેજ (૩) ઉદેસીંહ બળવંતસીંહ જાતે.રાઠોડ રહે. ભલાણીપાટી,મુડેઠા તા.કાંકરેજ (૪) હખતસીંહ ઉમેદસીંહ જાતે. સોલંકી રહે. અરણીવાડા તા.કાંકરેજ (૫) શામળાજી હમીરજી જાતે.સોલંકી રહે. અરણીવાડા તા.કાંકરેજ વાળાઓને પકડી પાડેલ તેમજ (૬) ગજુભા રાઘજી જાતે.સોલંકી રહે.અરણીવાડા તા.કાંકરેજ (૭) વિષ્નુજી સ્વરૂપજી જાતે.સોલંકી રહે.અરણીવાડા તા.કાંકરેજવાળાઓ આજુબાજુ ખેતરોમાં નાશી ગયેલ તેમજ પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી તેમજ દાવના પટ ઉપરથી ગંજી પાના નંગ-૫ર તથા રોકડ રકમ રૂ.૧૦૨૯૦/- તથા મોબાઇલ નંગ-૦૩ જેની કિ.રૂ.૧૨૫૦૦/- એમ મળી કુલ કિ.રૂ.૨૨૭૯૦/- ના મુદ્દામાલ સાથે ગે.કા. રીતે જાહેરમાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમાડતાં પકડાઇ ગયેલ હોઇ તો તમામ ઈસમો વિરૂ?ધ શિહોરી પો.સ?ટે જુગાર ધારા કલમ ૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે....

# મોડાસા લાયન્સ કલબની શપથવિધિ કાર્યક્રમ ઓનલાઈન વેબિનારથી લાયન્સ મંદિર ખાતે યોજાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મોડાસા શહેર સહીત અરવલ્લીમાં સેવાકીય કાર્યો માટે હંમેશા અગ્રેસર રહેતી અને સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં સેવાકીય કાર્યોમાં અવ્વલ રહેતી મોડાસા લાયન્સ ક્લબના વર્ષ-૨૦૨૦-૨૧ ટીમનો શપથવિધિ કાર્યક્રમ ઓનલાઇન વેબિનાર થી યોજાયો હતો પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર ડૉ.યોગેશ દવે દ્વારા કોરોનાની મહામારીમાં સંક્રમણ ફેલાય નહિ તેવા ઉમદા હેતુથી વર્ચ્યુલ ઓનલાઈન શપથવિધિ કરાવવામાં આવી હતી જેમાં વર્ષ-૨૦૨૦ ના નવનિયુક્ત પ્રમુખ ઈદ્રવદન બ્રહ્મભટ્ટને પૂર્વ પ્રમુખ નવીન રામાણીએ ગોલ્ડન પીન અર્પણ કરી હતી,મંત્રી તરીકે જનક જોશી અને ખજાનચી તરીકે જય



અમીને ઓનલાઈન શપથ ગ્રહણ કર્યા હતા લાયન્સ ક્લબ મોડાસાની ટીમેને પૂર્વ પ્રમુખ અને લાયન્સ કમલેશ પટેલ,લાયન ડૉ .જીતેન્દ્ર પટેલ લાયન્સ સોસાયટીના ડૉ.ટી.બી.પટેલ અને તેમની ટીમે,રીજીયન સેક્રેટરી પરેશ શાહ, એન્વાયરોમેન્ટ ડીસી પ્રવીણ પરમાર, ઓનલાઈન ચેરમેન અતુલ જોશીએ, ભાવેશ જયશ્વાલ,વિનોદ પટેલ ,કનું પટેલ,સુરેશ પટેલ સહીત લાયન્સ ક્લબના સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતા લાયન્સ ક્લબ શપથવિધિ ઈતિહાસમાં પહેલી વાર ઓનલાઈન યોજાઈ હતી જેમાં પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરનાર નવ નિયુક્ત લાયન્સ ક્લબ મોડાસાના પ્રમુખ ઈન્દ્રવદન ભટ્ટે લોક ઉપયોગી પરમેનન્ટ પ્રોજેક્ટ અને ડીસ્ટ્રીકટ ઈન્ટરનેશનલના અપાયેલ સેવાકીય કર્યો પૂર્ણ કરવા તેમની ટીમ સાથે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું

## મતદારયાદી સતત સુધારણા કાર્યક્રમ (ઓનલાઈન)

કોરોના વાયરસ નાં સંક્રમણ નાં સમયમાં મતદારયાદી ને લગતી સેવાઓ ચૂંટણી પંચ આપને આપે છે વધુ સુરક્ષિત વિકલ્પ. ઘરની બહાર નીકળ્યા વગર જ " નેશનલ વોટર સર્વિસ ૅર્ટલ " એટલે કે www.nvsp.in પર મેળવો અનેક સેવાઓ

જો ૦૧/૦૧/૨૦૨૦ સુધીમાં આપે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય અને મતદારયાદી માં નોંધણી ન થઈ હોય તો હજી પણ નામ નોંધાવવા ની અમૂલ્ય તક આપને ચૂંટણી પંચ ઘર બેઠા આપે છે

૧)ફોર્મ નંબર - ૬ : ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય કે નવાં નામની નોંધણી કરાવવા ફોર્મ નંબર ૬ ભરવું

૨)ફોર્મ નંબર - ૭: મતદારયાદીમાથી નામ કમી કરવા ફોર્મ નંબર ૭ ભરવું

૩)ફોર્મ નંબર - ૮: મતદારયાદી માં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા ફોર્મ નંબર ૮ ભરવું

ફોર્મ નંબર - ૮ (ક) : એક જ મત વિભાગ ના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા ફોર્મ નંબર ૮ (ક) ભરવું

આપના નામની ચકાસણી, આપનાં મતદાન મથક, ર્મ્ઙ્ગ અને મતદાર નોંધણી અધિકારી નાં નામ, સંપર્ક અને અન્ય વિગતો મેળવવા કોરોના વાયરસ થી સુરક્ષા માટે ઘર બેઠા ચૂંટણી પંચ ની સુવિધા નો લાભ ઓનલાઈન મેળવો

હેલ્પલાઇન નંબર : ૧૯૫૦
વેબસાઈટ : www.nvsp.in
ઘરમાં રહો, સુરક્ષિત રહો;
મતદારયાદી ની સેવાઓ માટે નિશ્ચિત રહો.
જયોજે ડાયસ (પુવે મ્યુ કાઉન્સીલર )

# પેટાચૂંટણી અગાઉ કોંગ્રેસને સૌથી મોટો ઝાટકો, એક સાથે આટલા સભ્યોએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો



એક તરફ રાજયમાં પેટા ચૂંટણી નજીક આવી રહી છે. તેવામાં કોંગ્રેસને એક બાદ એક મોટો ઝાટકા લાગી રહ્યા છે. આજ રોજ કોંગ્રેસના વધુ ૬૦ જેટલા આગેવાનોએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો છે. આજે યોજાયેલ કાર્યકર્મમાં આઈ કે જાડેજા અને મંત્રી સૌરભ પટેલની આગેવાનીમાં માળિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને બે મોરબી તાલુકા પંચાયતના ૨ સભ્યો સહિત ૬૦ જેટલા આગેવાનો ભાજપ પ્રવેશ કર્યો હતો.

મોરબીમાં આજે કોંગ્રેસના વધુ ૬૦ જેટલા આગેવાનોએ ભાજપમાં પ્રવેશ કર્યો હતો. પ્રભારી આઈ કે પટેલ અને મંત્રી સૌરભ પટેલ તેમજ સાંસદ મોહનભાઈ કુંડારિયાની હાજરીમાં માળિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ આર.કે.પારેજીયા તેમજ મોરબી તાલુકા પંચાયત સભ્ય મણીલાલ બાવરવા તેમજ ભાનુભાઈ રાઠોડે પણ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. આ ઉપરાંત માળિયા તાલુકાના અનેક ગામના સરપંચ ઉપસરપંચ સહીતના ૬૦થી વધુ આગેવાનોએ કોંગ્રેસને અલવિદા કહી હતી.

કોંગ્રેસ સાથે છેડો ફાડવાને લઈને કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલ માળિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખે કોંગ્રેસના આંતરિક મતભેદથી કંટાળીને ભાજપમાં જોડાઈ રહ્યાની સ્પષ્ટ વાત કરી હતી.

આ સાથે તેમણે કોંગ્રેસમાં આંતરિક ખટરાગને કારણે વિકાસના કામ થઈ રહ્યા ન હોવાની વાત જણાવી છે. પેટાચુંટણી પહેલા જ મોરબી જીલ્લામાં કોંગ્રેસમાં સતત ગાબડા પડી રહ્યા છે, અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ જટલા કોંગી આગેવાનો ભાજપમાં પ્રવેશ કરી ચુક્યા છે.

# આનંદોઃ વિદ્યાર્થીઓને રાહત, આજથી ઓનલાઇન શિક્ષણ શરૂ

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં કોરોનાને અટકાવવા માટે અનલોક ૨ જાહેર કરવામાં આવેલું છે જેમાં સ્કૂલો, જિમ સહિત ઘણી વસ્તુઓને ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી. કોરોનાને કારણે સ્કૂલો પણ હાલ બંધ છે જેને લઈને હાલ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જોકે ત્રણ-ચાર દિવસ પહેલા ઘણી સ્કુલોએ ઓનલાઈન ભણાવવાનું બંધ કરી દીધું છે. જો કે વાલીઓની વારંવાર રજૂઆતો બાદ સોમવારથી એટલે કાલથી ગુજરાતની ૧૬ હજાર ખાનગી સ્કૂલોના ૪૩ લાખ વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ ફરી શરૂ કરવામાં આવશે. ફી ભરી હોય કે ન ભરી હોય તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.

ખાનગી સ્કૂલોને લોકડાઉનને કારણે ફી ન લેવાના સરકારના નિર્ણય સામે સ્કૂલ સંચાલકોએ ઓનલાઈન ક્લાસ બંધ કરી દીધા હતાં. જોકે, સરકાર પણ લડવાના મૂડમાં આવી જતાં સંચાલકોની મીટિંગમાં સોમવારથી ઓનલાઈન ક્લાસ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રવક્તા ડો. દિપક રાજયગુરુએ જણાવ્યું હતું કે, સરકારના ફીના નિર્ણય સામે અમે કોર્ટમાં ગયા છીએ. લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે માટે અમે સોમવારથી ઓનલાઈન ક્લાસીસ શરૂ કરીશું પરંતુ શિક્ષણ વિભાગની કોઈ કામગીરી કે પરીક્ષામાં સહકાર આપીશું નહીં.

અત્યાર સુધીમાં અમદાવાદની અગ્રણી સ્કૂલોના ૭૦ ટકા વાલીઓએ સ્કૂલની ફી ભરી દીધી છે જયારે ઓછી ફી ધરાવતી સ્કૂલોના ૨૦થી ૩૦ ટકા જ વાલીઓએ ફી ભરી હોય તેવું જાણીતા અખબારમાં છપાયેલા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે. વાલીઓએ સ્કૂલ સંચાલકોને જણાવ્યું હતું કે, અમે ફી ભરી છે તો શા માટે અમારા બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કર્યું. સરકાર કહેશે તો પણ આ વર્ષે અમારે માસ પ્રમોશન નથી જોઈતું અને કલાસ રિપિટેશન પણ નથી જોઈતું, અમારે શિક્ષણ જોઈએ છે. માસ પ્રમોશનમાં શિક્ષણ નબળું રહે છે.

## અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર

# બીજેપીના કાર્યકર તરીકે વર્તતા હોવાનો બાયડના ધારાસભ્ય જશું પટેલનો આક્ષેપ થી ખળભળાટ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત તાલુકા મથકે સિવિલ હોસ્પિટલની માંગ સાથે ધરણા કાર્યક્રમ યોજયો હતો પ્રતીક ઉપવાસ પર બેઠેલા બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે અગાઉ કલેક્ટરને જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે ખબર ન હોવાનો આક્ષેપ કર્યો હતો ત્યારે આજે વધુ એકવાર જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર ભાજપનું પ્રતિનિધિત્વ કરતા હોવાનો આક્ષેપ કરતાં જીલ્લાના રાજકારણમાં હડકંપ મચ્યો છે

માલપુર બાયડના ધારાસભ્યએ અરવલ્લી જિલ્લા કલેક્ટર પર ભાજપનું પ્રતિનિધિત્વ કરવાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કલેક્ટર સરકારના કહેવા મુજબ ચાલી રહ્યા છે.તેમજ જીલ્લાની આમ પ્રજા અને ત્રણે ધારાસભ્યો કોંગ્રેસના હોવાથી જીલ્લામાં વિકાસના તમામ કામોમાં સરકાર રોડા નાખી રહી છે કોરોનાની મહામારીમાં હોસ્પિટલનું નિર્માણ તો ઠીક વૈકલ્પીક વ્યવસ્થા ઉભી ન થાય તે માટે સરકાર પ્રયત્નો કરી રહી છે વિપક્ષ તરીકે જીલ્લાના પ્રાણ પ્રશ્નોની રજુઆત કરીએ ત્યારે પોલીસને આગળ ધરી દે છે અને પોલીસ પણ દંડાવાળી કરતી હોવાનું જણાવ્યું હતું અને આગામી સમયમાં સિવિલ હોસ્પિટલ માટે આમરણાંત ઉપવાસ પર ઉતરવું પડે તો ઉતરવાની તૈયારી હોવાનું જણાવ્યું હતું

# સિધ્ધપુર સિવીલ કોરોના કેયર સેન્ટર છે જ્યાં કોરોનાની પ્રાથમિક સારવાર ઉપલબ્ધ છે : ડૉ.પરમાર (સીડીએમઓ)

ધ્રુવ દવે.સિદ્ધપુર

સિધ્ધપુર જનરલ હોસ્પિટલ બાબતે સિધ્ધપુર અબતકમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અને રાજ્યના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ. જયમારાયણભાઈ વ્યાસના પ્રયત્નો બાદ જિલ્લાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને સિધ્ધપુર જનરલ હોસ્પિટલ ખાતે કોરોના ના પ્રાથમિક દર્દીઓને સારવાર મળી રહે તે માટે કાર્યરત હોવાનું જણાવ્યુ છે.

સરકારના આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા આ અંગે જે માહિતી મળી છે તે મુજબ સિધ્ધપુર ડેન્ટલ કૉલેજ ખાતે ચાલતા કોરોના કેયર સેન્ટરને કૉલેજનો ઓનલાઈન અભ્યાસ શરૂ થતાં સિધ્ધપુર સિવીલ ખાતે શિફ્ટ કરવામાં આવ્યું છે જ્યાં કોરોના ના પ્રાથમિક લક્ષણો ડીટેકટ થયેલા દર્દીઓને આઈસોલેટ કરી સારવાર કરવાની સુવિધા ઉભી કરવામાં આવી છે. ધારપુર ને કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી છે જ્યાં ગંભીર પ્રકારના દર્દીઓની સઘન સારવાર થાય છે.

કોવીડ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ સીડીએમઓ તરીકે પાટણ અને સિધ્ધપુરનો સંયુકત હવાલો ધરાવતા ડૉ. પરમાર અને આરએમઓના પ્રયાસો દ્વારા સિધ્ધપુર સિવીલના ત્રીજા માળે કોરોના દર્દીઓ માટેના બે અલાયદા વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૨૦ પથારીનો એક વોર્ડ કોરોના સસ્પેકટ દર્દીઓ અને બીજો કોરોના કન્ફર્મ દર્દીઓને પ્રાયમરી ટ્રીટમેન્ટ આપવા બનાવેલો છે. પેરા મેડીકલ અને નર્સિંગ સ્ટાફને પીપીઈ કીટ પહેરીને સારવાર કરવાની હોય છે જે આ અસહ્ય ગરમીમાં પહેરી રાખવી એ પણ અસહ્ય થઈ પડે છે ત્યારે આ તકલીફ દૂર કરવા આ વોર્ડો માં ખાસ એરકન્ડીશનર પણ ગોઠવવામાં આવ્યા છે જેથી કર્મચારીઓ પીપીઈ પહેરીને સારવાર કરે અને તેમની સુરક્ષા પણ સચવાય.


ડાયાલીસીસ માટે અને અન્ય બિમારીઓથી પીડાતા દર્દીઓ જ્યાં સારવાર માટે આવતા હોય ત્યાં કોરોના માટેનો અલાયદો વોર્ડ ચલાવવો એ ખરેખર સિવીલ મેનેજમેન્ટ માટે ચેલેન્જીંગ છે જેને સિધ્ધપુર સિવીલના તબીબો અને સ્ટાફ પોતાની જાતની પણ પરવા કર્યા વગર નિભાવે છે જે કાબીલેદાદ છે.

આ અગાઉ દેથળી રોડ ઉપર આવેલી ડેન્ટલ કૉલેજને કોવીડ કેર સેન્ટર જાહેર કરવામાં આવી હતી જ્યાં કોવીડ સસ્પેકટ અને ધારપુર કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈને કોરોના નેગેટીવ થયેલા દર્દીઓને કોરન્ટાઈન કરવાની સુવિધા હતી

તો કોવીડના પ્રાથમિક તબકકાના દર્દીઓ માટે જરૂરી તમામ દવાઓ સિવીલમાં પુરતા જથ્થામાં ઉપલબ્ધ છે તેમજ દર્દીઓની સ્થિતી નિયંત્રણમાં હોય ત્યાં સુધી સારવાર માટેની વ્યવસ્થા છે અને સ્થિતી સુધરે નહી તો તાત્કાલીક તેઓને ધારપુર અથવા દર્દીને ખાનગી હોસ્પિટલમાં જવું હોય તો તેને આગળ રીફર કરવાના આદેશ છે.

ડૉ. જયનારાયણભાઈ વ્યાસમા પ્રયાસોથી સિધ્ધપુર સિવીલમાં નવું આવેલું એકમાત્ર વેન્ટીલેટર ગત એપ્રિલ માસમાં ધારપુર સિવીલના કોવિડ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યુ છે જેથી કોવીડના સિરીયસ દર્દીઓ અથવા જેમનું જીંર ઘટી જાય તેવા દર્દીઓ માટે સિધ્ધપુરમાં સાધનો ઉપલબ્ધ નહી હોવાથી જો સમય રહેતા ધારપુર કે કોઈ ખાનગી હોસ્પિટલ કે જ્યાં કોવિડની સારવાર ઉપલબ્ધ હોય ત્યાં ખસેડાય તો જીવ બચાવી શકાય છે.

કેટલાક દર્દીઓના સગાઓ અને જાગૃત નાગરીકોમાં ચાલી રહેલી લોકચર્ચા મુજબ સિધ્ધપુર સિવીલના કેટલાક તબીબ દર્દીને સમયસર આગળ રીફર નહી કરતા હોવાથી સમયસર યોગ્ય સારવારના અભાવે ૪ થી ૫ દર્દીઓ ધારપુર સિવીલમાં છેલ્લા




સ્ટેજે પહોંચતા તેઓના મૃત્યુ થયા છે જેમને કદાચ બચાવી શકાયા હોત. બીજું સિવીલમાં દવાઓનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં શા માટે તબીબો બહારથી દવાઓ લખે છે તે બાબત પણ સરકારી તંત્રએ ગંભીરતાથી લીધી છે. સરકાર એક દવા ઉપલબ્ધ કરાવે છે તો કેટલાક કમિશનબાજો દવાની બ્રાન્ડ બદલીને ચોકકસ મેડીકલ સ્ટોર માંથી લેવા ધકેલે છે. આરોગ્ય વિભાગમાં કામ કરતા એક વ્યકિતના સગાને મામુલી તાવ ખાંસીની ૩ દિવસની સારવારમાં બહારની દવાનુ બીલ દસહજાર ઉપર થયું. તો વોર્ડમાં સારવાર લઈને આવેલા દર્દીઓના જણાવ્યા મુજબ એક સમયે એક જ ડોકટર બધા દર્દીઓનો રાઉન્ડ નથી લેતા પરંતુ ડોકટરો દર્દીઓ વહેચી લે છે અને ઓળખીતા કે સગા હોય તેવા દર્દીઓની સારવાર તે જ તબીબ કરે છે. સામાન્ય રીતે સરકારી દવાખાનામાં ફરજ ઉપરના તબીબ આખા વોર્ડનો રાઉન્ડ લે છે જ્યારે આપણાં ત્યાં એક ડોકટર બે ત્રણ દર્દીને તપાસે અને બીજા ડોકટર ફરજ ઉપર આવે તો બાકીના બે ત્રણને એ તપાસે છે આ કારણે નર્સિંગ સ્ટાફને પણ તકલીફ પડતી હોવાની વાતની પણ સિવીલના સ્ટાફના લોકોમાં ચર્ચા છે.

સરવાળે સિધ્ધપુર સિવીલમાં કોરોના દર્દીઓ માટે સારવાર અને સુવિધા તો છે અને સ્ટાફ સારી રીતે સારવાર કરવા સક્ષમ પણ છે પરંતુ તબીબી સ્ટાફ વચ્ચે કદાચ વર્ચસ્વનું રાજકારણ, આંતરીક ખેંચતાણ, નગરના રાજકિય સામાજીક આગેવાનોની નિરસતા અને આવા કપરા કાળમાં પણ દવાખાનામાં વિનામુલ્યે ઉપલબ્ધ દવાઓ આપવાના બદલે પોતાના કમિશન માટે ગરીબ દર્દીઓને નિચોવી લેતા કેટલાક ચોકકસ મેડીકલ સ્ટાફના કારણે સિવીલની શાખ ખરડાય છે અને દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે.

## નાનાપોઢા સર્કલ પર

# કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોના સન્માનમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી

સતિષ પટેલ વલસાડ

૨૧ વર્ષ અગાઉ ૨૬ જુલાઈના રોજ ભારતીય સેનાએ પોતાનું એવું તે શૌર્ય અને પરાક્રમ દેખાડ્યું હતું કે જેનો ઈતિહાસમાં કોઈ મુકાબલો નથી. દુશ્મને જે પર્વતની ટોચ પર કબ્જો જમાવ્યો હતો ત્યાંથી પાકિસ્તાનના સૈનિકોનો ખાતમો કરીને તે પહાડો પર કબ્જો જમાવવો કેટલો મુશ્કેલ રહ્યો હશે, તેનો તો આપણે ફક્ત અંદાજો જ લગાવી શકીએ છીએ. આથી આજના દિવસે સમગ્ર દેશ તે અમર જવાનોને સલામ કરે છે, શ્રદ્ધાંજલિ આપે છે તેઓ કારગિલમાં શહીદ થયા હતાં. દેશ આજે વિજય પર્વ મનાવી રહ્યો છે. કારગિલની ઊંચી પહાડીઓ પર પાકિસ્તાનના સૈનિકોએ કબ્જો જમાવ્યો હતો. ત્યારબાદ ૧૮ હજાર ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવવા માટે ભારતીય સેનાના શૂરવીરોએ ઓપરેશન વિજયનો ઈતિહાસ રચ્યો.




અત્રે જણાવવાનું કે ઓક્ટોબર ૧૯૯૮માં મુશર્રફે કારગિલ પ્લાનને મંજૂરી આપી હતી. પાકિસ્તાનને લાગ્યું હશે કે ઊંચી ટોચ પર કબ્જો જમાવ્યાં બાદ આ વિસ્તાર હંમેશા માટે તેમનો થઈ જશે પરંતુ તેમને ભારતીય સેનાના અદમ્ય સાહસનો અંદાજો નહતો. ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ત્યારે મિગ-૨૭ અને મિગ-૨૯ ફાઈટર વિમાનોનો ઉપયોગ કર્યો હતો. પરંતુ બોફોર્સ તોપના ગોળાઓએ પાકિસ્તાનને હરાવવામાં ખુબ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## વિજયનગરના દંતોડ ગામે કાર્યકર્તાઓ દ્વારા સાંસદ રમીલાબેન બારાનો સન્માન સમારોહ યોજાયો



મોટી ઈસરોલ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લામાં આજરોજ વિજયનગરના દંતોડ ગામે કણાદર જિલ્લા પંચાયતની બેઠકના કાર્યકર્તાઓ દ્વારા સાંસદ રમીલાબેન બારાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સન્માનનો પ્રત્યુત્તર આપતાં સાંસદ રમીલાબેને પોતાને આ રાજ્ય સભામાં જવાનું જે અહોભાગ્ય સાંપડ્યું એને આ વિસ્તાર અને જિલ્લાની જનતાના આશીર્વાદ અને પૂણ્ય ગણાવીને ગદગદિત થઈને સૌના પ્રત્યે આ સન્માન માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ સન્માન શુભેચ્છા સમારોહમાં વિજયનગર તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઈ શાહ, મહામંત્રી માવજીભાઈ ડામોર,પાર્ટી ઉપપ્રમુખ મોતીલાલ કોટવાલ, ઉપપ્રમુખ પરીક્ષિત ડામોર અને કણાદર જિલ્લા પંચાયત સીટના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.હતા.

## કેશોદમાં માત્ર રોડ ઉપર પસાર થતા લોકો જ માસ્ક વગર પસાર થાય છે

# પોલીસ તંત્ર સામે વાહનચાલકોમાં રોષ સ્થાનિક સુધરાઈ તંત્ર મૂકપ્રેક્ષક

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કોવીડ-૧૯ માં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડી જાહેરનામાની અમલવારી કરાવવામાં આવી રહી છે જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ અમલવારી માટે લાગું પડે એ કચેરી એ કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે , ત્યારે શુ જાહેરનામામાં એક માત્ર માસ્ક વગર બહાર નીકળવાની અમલવારી નું પાલન કરવાનું હોય છે? માસ્ક વગર પસાર થતાં વાહનચાલકોએ જ અમલવારી કરવાની હોય છે? શહેરના મુખ્ય માર્ગો પર જ માસ્ક વગર લોકો પસાર થાય છે ? છેલ્લા બે સપ્તાહ જેટલા સમયથી ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના તથા શહેરી વિસ્તારમાં મુખ્ય પર માસ્ક વગર પસાર થતા વાહનચાલકો પાસેથી બસ્સો રૂપીયાનો દંડ વસુલવામાં આવી રહ્યોછે જાણે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ટ્રાફિક પોલીસને દરરોજ સો કે તેથી વધુ લોકો પાસેથી દંડ વસુલવાનો ટાર્ગેટ આપવામાં આવતો હશે ? નાઈટ પેટ્રોલીંગ ડયુટીની જેમ શુ પીએસઆઈ પીઆઈ સહિતના અધિકારીઓ દ્વારા માસ્ક વગર નીકળતાં લોકોની ટ્રાફિક ઝુંબેશની જેમ માસ્ક ઝુંબેશ હાથ ધરાવવાની કામગીરી કેમ કરવામાં આવતી નહિ હોય? રાત્રીના સમયે લાગું કરવામાં આવેલ કર્ફ્યું નાં ભંગ અંગે કે રાત્રીના સમયે બાયપાસ રોડ પર ચાલું રહેતી લારીઓ વિરુદ્ધ પગલાં ભરવામાં કેમ આવતાં નથી.

શુ શહેરની મુખ્ય બજારોમાં માસ્ક વગર લોકો નહિ નિકળતા હોય? શુ સોશ્યલ ડીસ્ટ્ન્સ નું પાલન કરવામાં આવી રહ્યુ છે? માસ્ક વગરના દંડ વસુલવા સીવાયના જાહેરનામાં ભંગ બદલ કેટલી ફરીયાદ નોંધાઈ છે? કેશોદ શહેરમાં જાહેર માર્ગો પર વાહનચાલકો સીવાય અન્ય ક્ષેત્રોમાં પણ અમલવારી કરાવવી જરૂરી છે અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાની જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે આ કામગીરી હાથ ધરવામાં અમલવારી માટે સ્થાનિક સુધરાઈ તંત્ર ની પણ જવાબદારી બને છે ત્યારે સુધરાઈ તંત્ર મૂકપ્રેક્ષક બની કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં રીપોર્ટ કરી જવાબદારી પુરી થયાનું માને છે. જાણવા મળતી માહિતી મુજબ કોવીડ -૧૯ ની કામગીરી માં ભંગાર માં થી કેમીકલ નાં ખાલી બેરલો અને ખાલી બારદાન મંગાવી ત્રીસેક લાખ રૂપિયા નાં બીલો બનાવી નાખ્યાં નું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક પોલીસ તંત્ર પણ લક્ષ્યાંક પુરો કરવાની કામગીરી પુરી કરી કોરોના મહામારી કાબુમાં લેવા માટે ગંભીરતાથી પગલાં ભરવા માટે કડક કાર્યવાહી કરતી નથી. વર્તમાન સમયમાં કોવીડ-૧૯ કામગીરી કરતાં શ્રાવણીયો જુગાર રમતાં હોય ત્યાં પહોંચી સેટલમેન્ટ અને ગુનો દાખલ કરવાનો થાય તો વીસ ટકા રકમ બતાવી વધારાની રકમ ની ભાગ બટાઈ કરી તહેવારો ઉજવવામાં આવે છે. આવા અનેક સવાલો લોકોમાં ચર્ચાઈ રહયા છે , ત્યારે જવાબદાર પ્રજાનાં પ્રતિનિધિઓ કે ઉપરી અધિકારીઓ દ્વારા ગંભીરતા દાખવી કામગીરી કરવામાં આવશે નહીં તો હાલનાં તબક્કે તહેવારો તો બગડશે પણ આવનારાં દિવસોમાં ચોરીઓ લુંટફાટ નાં કિસ્સાઓ બનશે જેનો ભોગ નિર્દોષ સામન્ય નાગરિકો તંત્ર નાં પાપે બનશે.

## વાંકાનેર ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા,રૂપિયા અને બાઈક લઈ રફુચક્કર

# ભાઈને એટેક આવ્યો બીજા ભાઈનો પરિવાર મદદ માટે પહોંચ્યોને ઘરે તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અનલોક થયા બાદ ચોર લૂંટારુઓ પણ ચોરી,તસ્કરીની ઘટનાને અંજામ આપવા સક્રિય થયા છે લોકડાઉનમાં ચોરી,લૂંટની ઘટનાઓને લાગેલી બ્રેક લાગી હતી પરંતુ તસ્કરોએ પણ હવે સક્રિય થતા પોલીસને ચેલેન્જ આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે બંધ મકાનમા તસ્કરો ત્રાટકી ઘરમાં રહેલી રોકડ રકમ,મોબાઈલ અને બાઈક સહીત ૮૪ હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી થતા ભારે ચકચાર મચી હતી ભિલોડા પોલીસને ઘર માલિકે ઘરમાં ધાડ પડી હોવાની જાણ કરતાં તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી રાબેતા મુજબ કાર્યવાહી હાથધરી હતી

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે રહેતા વિનોદકુમાર મણીલાલ પાંચલના ગામમાં જ રહેતા ભાઈ નરેન્દ્ર પંચાલને રાત્રીના સુમારે હૃદયરોગનો હુમલો આવતા ઢળી પડ્યાની જાણ વિનોદભાઈ અને તેમનો પરિવારને થતા વિનોદ ભાઈ અને તેમનો પરિવાર ઘર બંધ કરી તાબડતોડ ભાઈને સારવાર અર્થે દવાખાને લઈ જતા આ તકનો લાભ લઈ તસ્કરો ત્રાટકી બંધ ઘરનો નકુચો તોડી ઘરમાં રહેલી તિજોરીમાં રાખેલ ૫૫ હજાર રૂપિયા રોકડ અને મોબાઈલ તેમજ ઘર આગળ પાર્ક કરેલી બાઈક મળી કુલ.રૂ.૮૪ હજારના મુદ્દામાલની ચોરી કરી થઈ જતા ભારે ચકચાર મચી હત .

ભાઈની સારવારમાં રહેલા ભાઈના ઘરે તસ્કરો ત્રાટકી ચોરો હજ્જારો રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો ભિલોડા પોલીસ ચોરીની ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા

# સિદ્ધપુરમાં વહેવર ભવાની માતા અને જબરેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉજવાયો



ધ્રુવ દવે.સિદ્ધપુર

કોરોના મહામારી વચ્ચે પવિત્ર શ્રાવણ માસ માં સિદ્ધપુરમાં આવેલ અતિ પૌરાણિક શ્રી વહેવરભવાની માતા અને જબરેશ્વર મહાદેવનો પ્રતિવાર્ષિક પાટોત્સવ શ્રાવણ સુદ પાંચમને શનિવારના રોજ સરકારી ગાઈડલાઈનનાં ચુસ્ત અમલ સાથે વિધીવિધાન સહ યોજાયો હતો.શ્રી વહેવરભવાની ની મૂર્તિ રૂદ્રમહાલય નિર્માણ વખતની હોવાનું માનવામાં આવે છે.આજથી વર્ષો પહેલા વહેવરવાડા ના મહાડ ના નાકા ઉપર વસેલ શ્રી વહેવરભવાની અને જબરેશ્વર મહાદેવનું મંદિર જર્જરિત થતાં જૂની મૂર્તિને નદી કિનારે મોક્ષ પિંપળા એ મૂકી આવ્યા હતા.ત્યાર પછી તરત જ મહાઢ વાસી ઓને શારીરિક-માનસિક તકલીફો શરૂ થઇ જતા ફરીથી જૂની મૂર્તિને વાજતે-ગાજતે લઈ આવી શ્રાવણ સુદ પાંચમના દિવસે મંદિરમાં સ્થાપિત કરવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન સુદ સાતમને દિવસે શ્રી વહેવર ભવાની,શ્રી આશાપુરા અને શ્રી કનકેશ્વરી માતાની પલ્લી ભરાય છે.નિજમંદિરે માતાજીના પાટોત્સવ નિમિત્તે મહાપુજા,પાઠાત્મક ચંડીપાઠ અને મહાપ્રસાદનું આયોજન મહાઢવાસીઓ દ્વારા કરાયું હતું.તેમાં પણ સામાજિક અંતર જળવાય તેનુ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ હતું.

# પંચાલ પરિવાર અને વારાહીનું ગૌરવ વધારતી કુમારી હિરલ

**વારાહી નિવાસી અને હાલમાં લખાપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકભાઇ પંચાલની સુપુત્રી કુમારી હિરલબેન અશોકભાઇ પંચાલે ધોરણ ૧૦ ની સી.બી.એસ.ઈ. પરીક્ષામાં ૮૩ .૪ % ટકા મેળવી શાળા નુ ગૌરવ વધારેલ છે**


**જેમને ઉચ્ચ ટકાવારી પ્રાપ્ત કરતા શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી ફેલાયેલ છે ઉલ્લેખનીય છે કે કુમારી હિરલ એ શ્રીમતી ડીપી સોની શિશુ વિહાર વારાહી ની પૂર્વ વિદ્યાર્થીની છે અને જવાહર નવોદયની જાહેર પરીક્ષા પાસ**




**કરીને તેણીનીએ જવાહર નવોદય વિદ્યાલય , લણવામાં પ્રવેશ મેળવેલ તેણીની એ ધોરણ ૬ થી ધોરણ ૧૦ સુધી નો અભ્યાસ જવાહર નવોદય વિદ્યાલય લણવામાં કરેલ**

**કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા પાસ કરીને પ્રવેશ મેળવવો એ ખૂબ જ અઘરી બાબત છે પરંતુ બાળપણથી જ ભણવામાં અત્યંત તેજસ્વી કુમારી હિરલ એ શ્રીમતી ડીપી સોની શિશુવિહાર વારાહી નું પણ ગૌરવ વધારેલ છે તેમની આ ભવ્ય સફળતા બદલ શ્રીમતી ડીપી સોની શિશુવિહાર વારાહી ન?। આચાર્ય શ્રી દેવીસીહ પરમાર , શ્રી વી ડી ઠક્કર તેમજ ઓ .એસ. મેડમ ગીતાબેન ઠક્કરે પણ શુભકામનાઓ પાઠવેલપંચાલ પરિવાર અને વારાહીનું ગૌરવ વધારતી કુમારી હિરલ**





શ્રી જાળેશ્વરદાદાના સાયન પૂજન દર્શન..પાટણ (ભાગવત કથાકાર દિલીપભાઈ શાસ્ત્રી)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.